For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વડોદરાવાસીઓ હૃદયપૂર્વક આતિથ્યભાવ પ્રગટ કરવા માટે આતુર

# મોદી અને સ્પેનના વડાપ્રધાનની વડોદરા મુલાકાત દરમિયાન રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે

**માર્ગો** ઉપર 15 સાંસ્કૃતિક મંચ પરથી 200 જેટલા કલાકારો વિવિધ પરંપરાગત નૃત્યો થકી ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવશે



(પ્રતિનિધિ) વડોદરા તા.24

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સચેઝ વડોદરા શહેરની મુલાકાતે આવી રહ્યા છે, ત્યારે આ મોંઘેરા મહેમાનોના સ્વાગત માટે સમગ્ર શહેરને સુશોભિત કરી રોશનીથી શણગારવામાં આવ્યું છે. તા. 27/10/2024 ના રોજ આ અતિથિ વિશેષનું એરપોર્ટ પર સાંસ્કૃતિક કાર્યક્રમ થકી ભવ્ય સ્વાગત કરવામાં આવશે. આ સાથે માર્ગ અને લક્ષ્મી વિલાસ પેલેસ ખાતે કાર્યક્રમમાં વિવિધ નૃત્ય વૃંદ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવનાર છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને સ્પેનના વડાપ્રધાનના સ્વાગત માટે એરપોર્ટ ખાતે સ્પંદન કલાકેન્દ્ર, દીક્ષા ભરત નાટ્યલય, નૃત્યમયી ડાન્સ એકેડેમી અને મિસ્ટી ડાન્સ એકેડેમી દ્વારા રાસ થકી 66 જેટલા કલાકારો ભવ્ય સ્વાગત કરશે. જ્યારે લક્ષ્મી વિલાસ પેલેસ ખાતે નૃત્ય રાગિણી, શ્રીકલા કેન્દ્ર, નૃત્યમ ડાન્સ એકેડેમી, નૃત્યાંગના કાળા કનેદર અને કેદાર નાટ્યલય દ્વારા ગરબા, રાસ, હુડો અને ભરતનાટ્યમ રંગારંગ કૃતિઓ 66 જેટલા કલાકારો દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે.

વધુમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા મહાનુભાવોના રોડ શો ના રૂટ પર 15 સાંસ્કૃતિક મંચ બનાવવામાં આવશે. જેમાં દરેક મંચ પર 12 થી 15 કલાકારો એટલે કે 180 થી 200 જેટલા કલાકારો વિશ્વ પ્રસિદ્ધ એવા ગુજરાતના માંડવડી દીવા, દાંડિયા રાસ, આદિવાસી નૃત્ય, મહારાષ્ટ્રનું લાવણી નૃત્ય, રાજસ્થાનનું કાલબેલિયા નૃત્ય, કેરળનું કુચિપુડી નૃત્ય, પંજાબનું ભાંગડા નૃત્ય, બંગાળની દુર્ગાપૂજા, દક્ષિણ ભારત ની બેન્ડ અને રાષ્ટ્રભક્તિ થીમ આધારિત સાંસ્કૃતિક કૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બનશે.

આમ, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને વિદેશી મહેમાનોને જ્યારે ગુજરાતમાં વડોદરાના આંગણે પધારી રહ્યા છે, ત્યારે દરેક વડોદરાવાસીઓ પણ તેમના સ્વાગત હૃદયપૂર્વક આતિથ્યભાવ પ્રગટ કરવા માટે આતુર છે.

### લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર સામે પાલિકા ખોરાક શાખાની લાલ આંખ

# ખોરાક શાખા હાથીખાનામાં મુખવાસ ચેક કરવા ગઈ ને ઝડપાયો 700 કિલો શંકાસ્પદ મરચાનો જથ્થો

**જપ્ત** કરાયેલા જથ્થાનો નમુના મેળવી રિપોર્ટ માટે મોકલી અપાયા :

**રિપોર્ટ** આવે નહીં ત્યાં સુધી વેચાણ કરી શકશે નહીં

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ખોરાક શાખા દ્વારા આજે હાથીખાના વિસ્તારમાં મુખવાસ અંગે ચેકિંગમાં નીકળેલી ફૂડ ટીમને શંકાસ્પદ મરચાનો 700 કિલોનો જથ્થો મળી આવ્યો છે. જે તાત્કાલિક અસરથી જપ્ત કરી જ્યાં સુધી નમુનાનો રિપોર્ટ આવે નહીં ત્યાં સુધી વેચાણ કરી શકશે નહીં તે પ્રમાણેનો તાત્કાલિક નિર્ણય લેવામાં આવ્યો છે.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર દિલીપ રાણા અને અધિક આરોગ્ય અમલદાર મુકેશ વૈદની સૂચનાથી આજે કોર્પોરેશનના ફૂડ ઈન્સ્પેક્ટર ની ટીમ હાથીખાના જથ્થાબંધ અનાજ કરિયાણાના બજારમાં ચેકિંગ માટે ગઈ હતી. જેમાં કલરવાળો મુખવાસ વેચાણ થઈ રહ્યો હોય તેનું ચેકિંગ કરવા ખાસ સુચના આપવામાં આવી હતી અને હાથીખાનામાં આવેલા ચાર વેપારી જય અંબે સ્ટોર, પૂર્વી સ્ટોર, મધુવન અને ક્રિષ્ના સ્ટોરમાં ચેકિંગ હાથ ધર્યું હતું. ચાર ફૂડ સેફ્ટી ઓફિસર અંકુર શાહ, મંગુ રાઠવા, રૂબીના શેખ અને અન્ય એક ફૂડ ઓફિસરે હાથીખાનાની ચાર



દુકાનમાં ચેકિંગ કર્યું હતું. અધિકારીઓ હાથીખાના વિસ્તારમાં આ ચાર દુકાનોની અંદર સેમ્પલો તપાસી રહ્યા હતા ત્યારે મધુવન નામની દુકાનમાં ફૂડ સેફ્ટી નું લાયસન્સ અને મુખવાસની તપાસ કરી રહ્યા હતા, ત્યારે 700 કિલો લાલ મરચાનો પાવડર શંકાસ્પદ જણાતા મંગુ રાઠવાએ આ મરચાના પાવડરના પેકેટને સીલ કર્યા હતા. તેઓએ જણાવ્યું હતું જ્યાં સુધી આ સેમ્પલનો રિપોર્ટ પોઝિટિવ ના આવે ત્યાં સુધી આ પાવડર વેચી શકશે નહીં. મરચા પાવડર નો શંકાસ્પદ જણાતો જથ્થો ચેક કરતા કલર મેળવેલો હોય તેમ પ્રાથમિક ધોરણે દેખાઈ આવતા તમામ 700 કિલો મરચા પાવડર ને સીલ કર્યાં છે.

અધિકારીએ જણાવ્યું હતું કે અમારા ઉપરી અધિકારીએ આદેશ આપ્યા હતા કે ખોરાકમાં વપરાતા પદાર્થનો જથ્થો વધારે હોય એની ખાસ તપાસ કરવી. મધુવન નામની દુકાનમાં તપાસ કરતા મરચાનો પાવડરનો જથ્થો ચકાસતા શંકા જતા આ મરચાના પાવડરનો નમૂનો લઈ લેબોરેટરી મોકલવામાં આવશે અને જો આ રિપોર્ટ સબ સ્ટાન્ડર્ડ આવશે તો આ તમામ જથ્થો નાશ કરવામાં આવશે. રિપોર્ટ આવ્યા બાદ કાર્યવાહી કરવામાં આવશે.

### શાળા પ્રવાસ માટે નવી ગાઈડલાઈન જાહેર કરવામાં આવી

# હરણી બોટકાંડ બાદ શાળાકીય પ્રવાસ ઉપર સરકારે મૂકેલો પ્રતિબંધ હટાવ્યો

**સૂચનાઓનો** તેમજ કાર્ય પદ્ધતિનો ચુસ્તપણે અમલ કરવા સૂચના આપવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

વડોદરા શહેરમાં જાન્યુઆરી મહિનામાં બનેલી ગોઝારી હરણી બોટાદની દુર્ઘટના પછી સરકારે શાળાકીય પ્રવાસ ઉપર પ્રતિબંધો લાદી દીધા હતા. હાલ આ પ્રતિબંધો હવે હટાવવામાં આવ્યા છે અને સાથે જ સરકારે એક નવી ગાઈડ લાઈન જાહેર કરી છે. જેમાં સૂચનાઓનો તેમજ કાર્ય પદ્ધતિનો ચુસ્તપણે અમલ કરવા સૂચના આપવામાં આવી છે.

વડોદરા શહેરમાં બનેલી હરણી બોટ કાંડ ની દુર્ઘટના બાદ સરકારે શાળાએ પ્રવાસો ઉપર કેટલાક પ્રતિબંધો લાવી દીધા હતા હાલ ફરીથી આ પ્રતિબંધો હટાવી દેવામાં આવ્યા છે અને સરકારે એક નવી ગાઈડલાઈન બનાવી છે અને જેનો ચુસ્તપણે અમલ કરવા પણ જણાવ્યું છે સરકારની નવી ગાઈડ લાઈનમાં જણાવ્યું છે કે શૈક્ષણિક પ્રવાસના આયોજન માટે શાળાના આચાર્યની અધ્યક્ષતામાં વિદ્યાર્થીઓના વાલી પ્રતિનિધિ સહિત સમિતિની રચના કરવી તથા સ્થળો સંબંધી વ્યવસ્થા રૂટ જોખમો પ્રવાસના લાભાલાભ વગેરે બાબતોની વિસ્તૃત ચર્ચા કર્યા પછી જ વિદ્યાર્થીઓના વય જૂથ અનુસાર પ્રવાસના સ્થળોની પસંદગી કરવી શૈક્ષણિક પ્રવાસના પ્રકાર અનુસાર રાજ્યના અંદરનો પ્રવાસ હોય તો સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શાસન અધિકારી અને રાજ્ય બહાર નો પ્રવાસ હોય તો કમિશનર નિયામક શાળાએ ની કચેરી ગાંધીનગર અને નિયામક પ્રાથમિક શિક્ષણની કચેરી ગાંધીનગર ને આ ઉપરાંત વિદેશ પ્રવાસ હોય તો શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરને સાધનિક તમામ વિગતો સાથે પ્રવાસ શરૂ થવાના દિવસ 15 પહેલા અવશ્ય જાણ કરવાની રહેશે આ ઉપરાંત સમગ્ર પ્રવાસમાં પ્રતિબિંબ કાર્યક્રમની જાણ કરવાની રહેશે એક જવાબદાર અને અનુભવી વ્યક્તિની પ્રવાસના કન્વીનર તરીકે નિમણૂક કરવાની રહેશે તથા આયોજન મુજબ મુસાફરી થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે જે વિદ્યાર્થીઓ સામેલ થવાના હોય તેમના વાલીઓ સાથે બેઠક યોજાઈને તેમને સુચિત પ્રવાસ આયોજનથી અવગત કરવા તથા તેમની સંમતિ પણ મેળવવાની રહેશે જો વાલી કોઈ કારણસર આવ્યા ન હોય ત્યારે વિદ્યાર્થી મારફત વાલીની સંમતિ મેળવી આવી સંમતિ લેખિતમાં લેવી તેમજ વિદ્યાર્થીઓના માતા-પિતા વાલીના આઈડી પ્રૂફ અને મોબાઈલ નંબર મેળવવા અને સંમતિ આપેલ હોવાની ખાતરી કરી લેવા જણાવ્યું છે.

# રેલવે સ્ટેશનના દાદર પરથી પડી જતાં ઈજાગ્રસ્ત આધેડનુ મોત

**રેલવે** પોલીસે અકસ્માતનો ગુનો નોંધી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે એસ.એસ.જી.હોસ્પિટલમાં ખસેડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.24

શહેરના કારેલીબાગ વિસ્તારમાં રહેતા આધેડ પુરુષનુ ગત તા. 10મી ઓક્ટોબરના રોજ વડોદરાના રેલવે સ્ટેશન પરના પ્લેટફોર્મ નં.1 પર દાદર ઉતરતી વખતે અચાનક બેલેન્સ ગુમાવતા પડી જતાં તેઓ ઈજાગ્રસ્ત થયા હતા જેઓનું સારવાર દરમિયાન મોત નિપજતાં વડોદરા રેલવે પોલીસે મૃતદેહના પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત અહેવાલ અનુસાર, શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલી પાણીની ટાંકી નજીકના સમર્થ સોસાયટીના મકાન નં.C/17માં પરિવાર સાથે રહેતા મહેન્દ્રભાઈ આત્મારામ બોરસે (ઉ.વ. 57) જેઓ નોકરી કરતા હતા તેઓ ગત તા. 10મી ઓક્ટોબરના રોજ વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.01 ના દાદર પરથી ઉતરી રહ્યાં હતાં તે દરમિયાન અચાનક કોઈક કારણોસર બેલેન્સ ગુમાવતા દાદર પરથી નીચે પટકાયા હતા.

જેથી તેઓને 108 એમ્બ્યુલન્સ મારફતે પ્રથમ એસ.એસ.જી.હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા ત્યાંથી તેઓને વધુ સારવાર માટે શહેરની ખાનગી હોસ્પિટલ વિંગ્સ હોસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાંથી ઈજાગ્રસ્ત ને ભાઈલાલ અમીન જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન ગત તા. 23મી ઓક્ટોબરે રાત્રે 8:20 કલાકની આસપાસ ઈજાગ્રસ્ત આધેડનુ મૃત્યુ નિપજ્યું હતું. સમગ્ર મામલે રેલવે પોલીસે અકસમાતનો ગુનો નોંધી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે એસ.એસ.જી.હોસ્પિટલમાં ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ગુરુ પુષ્યા અમૃત સિદ્ધિ યોગમાં સોના-ચાંદી ખરીદી



■ ગુરુવારે શહેરના તમામ જ્વેલર્સને ત્યાં લોકોની ભારે ભીડ જોવા મળી હતી જ્વેલર્સ ના વેપારીઓ દ્વારા સોનાની ઘડામણ ઉપર પણ વિશેષ ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું હતું. સોનાના અને ચાંદીના ઉંચા ભાવ છતાં અંદાજે 15કરોડનું સોનું તથા ચાંદીની લોકોએ ખરીદી કરી હતી.

### હરણી ખાતે સ્ટોરરૂમ સ્થળે 2021ના ગેન્ટ્રીગેટ રઝળતા જોવા મળ્યાં

# વાવાઝોડામાં પડી ગયેલા ગેન્ટ્રી ગેટને સાઈડ પર મૂકી નવા તૈયાર કરી નાણાંનો વેડફાટ

**જૂના ગેન્ટ્રી ગેટ** હોવા છતાં નવા ગેન્ટ્રીગેટ ઉભાં કરી કોને ફાયદો કરાવવાનો કારસો?:સામાજિક કાર્યકર




(પ્રતિનિધિ) વડોદરા તા.24

શહેરમાં વડાપ્રધાનના આગમનને હવે જૂજ દિવસો બાકી છે ત્યારે પાલિકા તંત્ર દ્વારા વડાપ્રધાનના આગતાસ્વાગતામાં કોઈ કરકસર ન રહે તે માટે રાતદિવસ શહેરની કાયાપલટમા લાગી ગયા છે રાજ્યના મુખ્યમંત્રી, કેન્દ્રીય મંત્રી, ગૃહરાજ્યમંત્રી, પ્રભારી સહિતના નેતાઓની અવરજવર શરૂ થઈ ગઈ છે ત્યારે પાલિકા તંત્ર દ્વારા હવે નવા ગેન્ટ્રીગેટ તૈયાર કરાઈ રહ્યાં છે જ્યારે વડોદરા શહેરમાં વર્ષ - 2021માં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત કેટલાક ગેન્ટ્રી ગેટ બનાવવામાં આવ્યા હતા અનેક ગેન્ટ્રીગેટો વાવાઝોડાના કારણે મકરપુરા અને રાત્રી બજાર પાસે ગેન્ટ્રી ગેટ પડી ગયા હતા. જેના પગલે ઘણું નુકસાન જોવા મળ્યું હતું છાણીથી નિઝામપુરા જવાના મુખ્ય માર્ગ પર ગેન્ટ્રીગેટની હાલત જોતા તેના પાયામાં તીરાડો પડી ગયેલી જોવા મળી હતી. શહેરના જવાબદાર વ્યક્તિઓ દ્વારા સુચના આપવામાં આવી હતી કે, જે તે રોડરસ્તા પર ગેન્ટ્રીગેટ હોય તેને નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે ઉતારી લેવામાં આવ્યા હતા અને હાલમાં હરણી તળાવ કોર્પોરેશન સ્ટોર રૂમમાં કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલા ગેન્ટ્રીગેટ ખસ્તા હાલતમાં જોવા મળી રહ્યાં છે પરંતુ હાલમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વડોદરા શહેરમા આવવાનાં હોવાથી કેટલાક રોડ પર ફરીથી નવીન ગેન્ટ્રીગેટ બનાવવામાં આવી રહ્યા છે જે તે કોન્ટ્રાક્ટરને ફાયદો કરાવવામાં આવી રહ્યો હોય ત્યારે બીજી બાજુ હવામાન વિભાગે આગાહી કરી છે કે 24 થી 28 ઓક્ટોબર દરમિયાન 'દાના' વાવાઝોડું ત્રાટકે તેવી આગાહી વ્યક્ત કરાઇ છે ત્યારે આવા સમયે કોઈપણ પ્રકારની ઘટના ઘટે તો તેના માટે જવાબદાર કોણ રહેશે ?વડોદરા શહેરના મેયર કમિશનર, ચેરમેન દ્વારા સુચના આપી તાત્કાલિક ધોરણે નવા ગેન્ટ્રીગેટ ઉતારી લેવામાં આવે તેવી પરમાર કમલેશ સામાજિક કાર્યકર દ્વારા માંગ કરવામાં આવી હતી.

### ઈલોરાપાર્કમાં MIG ફ્લેટના બીજા માળે દાઝેલી હાલતમાં મૃતદેહ મળ્યો

# શહેરમાં આગના બે બનાવ : મકાનમાંથી બળી ગયેલી હાલતમાં દિવ્યાંગ વૃદ્ધની લાશ મળી

**ગેંડીગેટ** વિસ્તારમાં સુલેમાની કો-ઓપરેટીવ બેંકના રેકોર્ડ રૂમમાં આગ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા શહેરના ઈલોરાપાર્ક વિસ્તારમાં આવેલા MIG ફ્લેટના મકાનમાં સવારમાં આગનો બનાવ સામે આવ્યો હતો. આ આગના બનાવ અંગે ફાયર વિભાગને જાણ થતાં જ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. કામગીરી દરમિયાન ઘરમાંથી એક વૃદ્ધ દિવ્યાંગનો મૃતદેહ મળી આવ્યો છે, જેને લઇ ફાયર વિભાગે પોલીસ અને 108ની ટીમને જાણકારી આપી હતી. ત્યારબાદ તેને



સયાજી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે.

વડોદરા શહેરના ઈલોરા પાર્ક વિસ્તારમાં એમઆઈજી ફ્લેટ 25/150માં સવારમાં આગનો બનાવ સામે આવ્યો હતો. રાહદારીએ આ અંગે વડોદરા ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગને જાણ કરી હતી. સમગ્ર ઘટનાની જાણ થતાં તાત્કાલિક વડીવાળી ફાયર સ્ટેશનના સ્ટાફે ઘટનાસ્થળે પહોંચી કામગીરી હાથ ધરી હતી. કામગીરીમાં ટીપી 13 અને વાસણા ફાયર સ્ટેશનનો સ્ટાફ પણ જોડાયો હતો. કામગીરી દરમિયાન મકાનમાં રહેતા 69 વર્ષે રવિન્દ્ર કુમાર શર્મા કે જેઓ દિવ્યાંગ હોવાનું હાલમાં જાણવા મળ્યું છે, તેઓનો મૃતદેહ દાઝેલી હાલતમાં મળી આવ્યો હતો. આ સમગ્ર ઘટના અંગે વડોદરા ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના અધિકારી દ્વારા 108 અને પોલીસને જાણ કરવામાં આવી હતી.

આગના અન્ય બનાવમાં ગેંડીગેટ વિસ્તારમાં આવેલ સુલેમાની કો-ઓપરેટીવ બેંકના રેકોર્ડ રૂમમાં આગ લાગી હતી. સદનસીબે આ રેકોર્ડ રૂમમાં તમામ વેસ્ટ રેકોર્ડ હોવાના કારણે મોટી નુકસાની થતાં બચી છે. ત્યારે થોડાક સમય બાદ જ શહેરના ઈલોરા પાર્કમાં આવેલ એમઆઈજી ફ્લેટમાં આગનો બનાવ સામે આવતા જેમાં એક વૃદ્ધ વ્યક્તિનું મોત નીપ્યું છે. આ સમગ્ર મામલે હાલમાં પોલીસ દ્વારા વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### અલકાપુરી બેંકની મુખ્ય શાખાએ ગ્રાહકોએ વિરોધ પ્રદર્શન કર્યું

# માંજલપુરની કેનેરા બેન્ક દ્વારા ઠગાઈના આક્ષેપ સાથે ખાતેદારોનો હલ્લાબોલ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા શહેરમાં માંજલપુરમાં આવેલી કેનેરા બેન્ક દ્વારા છેતરપિંડી કરવામાં આવી હોવાના આક્ષેપો સાથે ખાતેદારોએ બેંકની અલકાપુરીમાં આવેલી મુખ્ય શાખા પર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

માંજલપુરમાં આવેલી કેનેરા બેંકના ગ્રાહક ના જણાવ્યા મુજબ આ બેંકની શાખાએ પોતાનો ગોલ્ડ લોન ટાર્ગેટ પૂરો કરવા માટે કમિશન એજન્ટને પોતાની બેંકમાં ગોલ્ડ લોન મેનેજર તરીકે બેસાડ્યો હતો. જેથી ગ્રાહકોએ બેંક ઉપર ભરોસો કરી પોતાનું કીમતી સોનુ બેંકની ગોલ્ડ લોન લેવા માટે આપેલું હતું . જેમાં બેંકના બ્રાન્ચ મેનેજર અને ગોલ્ડ લોન મેનેજરે બેંકના નિમાયેલા બે સોનીઓ મદદથી બીજી વ્યક્તિના નામે ગોલ્ડ લોન કરી લીધી હતી અને તે લોનની રકમ પોતાના મળે ત્યાં ટ્રાન્સફર કરી કરોડ રૂપિયાની ઉચાપત કરી છે. બેંકના તમામ કર્મચારી આ કૌભાંડમાં સામેલ હોવાની હકીકતથી તમામ ઉપરી અધિકારી વાકેફ છે છતાં છતાં કેનેરા બેન્ક અસલી માલિકોને સોનુ પરત કરવા માટે ઠાગાઠૈયા કરી રહી છે. જેથી 40 થી 50 લોકોને પોતાની રકમ ગુમાવવાનો વારો આવ્યો છે. આ રોષ સાથે




ગ્રાહકોએ અલકાપુરી બેંકની મુખ્ય શાખાએ જઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

એક ખાતા ધારકે જણાવ્યું હતું કે મારો મેડિકલનો સ્ટોર છે અને કેનેરા બેંક માંજલપુર બ્રાન્ચમાં અમે એકાઉન્ટ ખોલાવ્યું હતું અને ગોલ્ડ લોન લીધી હતી. અમારૂ ગોલ્ડ મૂકીને અમે લોન લીધી હતી. જાણવા મુજબ તે લોકોએ અમારું ગોલ્ડ પોતાના નામે લઈ કૌભાંડ આચર્યું છે. અત્યારે દિવાળીના સમયે અમારે ગોલ્ડ પાછું જોઈતું હોય તો અમને મળતું નથી. અમારી જોડે બેંક દ્વારા છેતરપિંડી થઈ હોઇ અમે બેંકની મુખ્ય બ્રાન્ચ અલકાપુરી ખાતે આવેલી છે ત્યાં આવી આજે અમે વિરોધ દર્શન કર્યું છે.

# 29મી ઓક્ટોબરે વડોદરાથી ગયા માટે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડશે

(પ્રતિનિધિ ) વડોદરા,તા.24

પશ્ચિમ રેલવે આગામી દિવાળી અને છઠના તહેવારોને ધ્યાનમાં રાખીને મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને વડોદરા અને ગયા વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે.

ટ્રેન નંબર 09115/09116 વડોદરા - ગયા - વડોદરા સ્પેશિયલ ટ્રેન -ટ્રેન નંબર 09115 વડોદરા - ગયા "ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન" 29.10.2024 ના વડોદરાથી મંગળવારે 00:45 કલાકે ઉપડશે અને બુધવારે સવારે 07:00 કલાકે ગયા સ્ટેશન પહોંચશે. આ ટ્રેન માત્ર એક દિવસ એટલે કે 29.10.2024 ના રોજ વડોદરા સ્ટેશન થી ચાલશે.એ જ રીતે, ટ્રેન નંબર 09116 ગયા - વડોદરા "ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન" ગયા સ્ટેશન થી 30.10.2024 બુધવારે સવારે 10:00 કલાકે ઉપડશે અને ગુરુવારે બપોરે 14:00 કલાકે વડોદરા પહોંચશે. આ ટ્રેન પણ માત્ર એક દિવસ ચાલશે. આ ટ્રેન બંને દિશા માં ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, મક્સી, સંત હિરદારામ નગર, બીના, દમોહ, કટની, મૈહર, સતના, માણિકપુર, પ્રયાગરાજ, છિવકી, ચુનાર, પંડિત દીન દયાલ ઉપાધ્યાય, સાસારામ અને દેહરી ખાતે રોકાશે બંને દિશામાં સ્ટેશનો છે પરંતુ તે બંધ થઈ જશે. આ ટ્રેનમાં AC 2 ટાયર અને AC 3 ટાયર નો સંયુક્ત કોચ , સ્લીપર અને જનરલ ક્લાસ કોચ સામેલ છે. ટ્રેન નંબર 09115 વડોદરા - ગયા સ્પેશિયલ ટ્રેન માટે બુકિંગ 25.10.2024 ના રોજ પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને આઈઆરસીટીસી ની વેબસાઈટ પર શરુ થશે. આ ટ્રેનના સંચાલન સમય, સ્ટોપ અને સ્ટ્રક્ચર અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

# હેલ્મેટની આડમાં દારૂની હેરાફેરી કરતા ત્રણ ઝડપાયા, 10.07 લાખનો માલ કબજે

(પ્રતિનિધિ) વડોદરા તા.24

હેલ્મેટની આડમા સંતાડીને બોલેરો પિકઅપમાં લઈ જવામાં આવતા વિદેશી દારૂના જથ્થા શાથે ત્રણ આરોપીને માંજલપુર પોલીસે ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી વિદેશી દારૂ, મોલેરો ગાડી, મોપેડ બાઇક, મોબાઈલ તથા હેલ્મેટ 94 મળી રૂ.10.07 લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. અટલાદરા પોલીસે પણ દેશી દારૂ લાવતા બે શખ્સને ઝડપી પાડ્યા હતા.

માંજલપુર પોલીસની ટીમ વિસ્તારમાં 24 ઓક્ટોબરના રોજ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન સ્ટાફને બાતમી મળી હતી ખે એક બોલેરો પિકઅપ ગાડીમાં હેલ્મેટની આડમાં વિદેશી દારૂનો જથ્થો હેરાફેરી કરીને લઇ જવામાં આવી રહ્યો છે. બોલેરો ગાડીના આગળના ભાગે એક મોપેડ તથા પાછળથી નંબર પ્લેટની વગરની બાઈક પાઈલોટિંગ કરી રહ્યા છે. જેના આધારે માંજલપુર પોલીસની ટીમે જગ્યા પર વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી મુજબની ગાડી આવતા પોલીસે તેને ઉભી રખાવી હતી. ત્યારબાદ ચાલક સહિતના શખ્સોને નીચે ઉતાર્યા બાદ કારમાં તપાસ કરાવી હતી. ત્યારે હેલ્મેટની બોક્સની આડમાં સંતાડી રાખેલો 4.20 લાખનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે વિદેશી દારૂ, મોબાઈલ, બાઈક, મોપેડ અને બોલેરો ગાડી મળી રૂ. 10.07 લાખના



મુદ્દામાલ સાથે નરેશ ઉદારામ ચૌધરી (રહે. રાજસ્થાન), પરેશ જિતેન્દ્ર પટેલ (રહે. તરસાલી) તથા મુકેશ નારાયણદાસ મખીજા (રહે. તરલાસીની ધરપકડ કરી હતી. જ્યારે બીજા બનાવમાં અટલાદરા પોલીસે પાદરા તરફથી રિક્ષામાં દેશી દારૂ ભરીને આવતા મંદનાઝીમ રહીમમીયા શેખ (રહે. મલંગ કડીયાની ચાલ, આરવી દેસાઇ રોડ, નવાપુરા) તથા શ્યામ શ્રીરામ કહાર (રહે, કહાર મહોલ્લો શિતળામાતાના મંદીર સામે સરદાર માર્કેટની બાજુમાં નવાપુરા)ને ઝડપી પાડ્યા હતા. આ બંને જણા રિક્ષામાં દેશી દારૂ લાવીને અક્ષરચોકથી સીટી વિસ્તારમાં પ્રવેશ કરવાના હોવાની બાતમીના આધારે બેને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી દારૂ, મોબાઈલ અને રિક્ષા મળી રૂ. 2.42 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે.